# Dr. Babasaheb Ambedkar Open University
## Term End Examination January - 2026

| | | | | | |
|---|---|---|---|---|---|
| **Course** | : | **Master Course** | **Date** | : | **20/02/2026** |
| **Subject Code** | : | **MGT-03** | **Time** | : | **11:30am to 01:45pm** |
| **Subject Name** | : | **ગુજરાતી ભાષાનું ધ્વનિતંત્ર અને રૂપતંત્ર** | **Duration** | : | **02.15 Hours** |
| | | | **Max. Marks** | : | **70** |

---

**પ્રશ્ન-1** ગુજરાતી ભાષાના વિકાસની ત્રણ ભૂમિકાઓને ઉદાહરણ સાથે સ્પષ્ટ કરો. **14**

**અથવા**

'ભાષા યાદૃચ્છિક સંકેતોની વ્યવસ્થા છે' – આ વિધાનની વિગતે ચર્ચા કરો.

**પ્રશ્ન-2** ગુજરાતી ભાષાના સ્પર્શ વ્યંજનો (કંઠ્ય, તાલવ્ય, મૂર્ધન્ય, દંત્ય, ઓષ્ઠ્ય)નું સવિસ્તાર વર્ગીકરણ કરો. **14**

**અથવા**

વિશેષણ એટલે શું? તેના પ્રકારો જણાવી, નામપદ સાથેનો તેનો સંબંધ સમજાવો.

**પ્રશ્ન-3** સમાસની વ્યાખ્યા આપી, તત્પુરુષ અને દ્વંદ્વ સમાસ વિશે વિસ્તૃત નોંધ લખો. **14**

**અથવા**

બૃહદ્ રચનાઓ એટલે શું? સંયુક્ત અને સંકુલ વાક્યોની રચના પદ્ધતિ વર્ણવો.

**પ્રશ્ન-4** **ટૂંકનોંધ લખો. (કોઈપણ બે)** **14**

1. ભાષાની વ્યાખ્યા અને તેની યાદૃચ્છિકતા
2. ગુજરાતી ભાષાના અનુનાસિકો
3. કૃદંત અને તેનાં કાર્ય
4. વ્યાકરણ શિક્ષણની આવશ્યકતા

**પ્રશ્ન-5** **નીચે આપેલા પ્રશ્નોના યોગ્ય વિકલ્પ પસંદ કરી ઉત્તર લખો. (દરેકના બે ગુણ)** **14**

**1.** ગુજરાતી ભાષાના 'આદિકવિ' તરીકે કોનું બહુમાન કરવામાં આવે છે?
(A) પ્રેમાનંદ (B) હેમચંદ્રાચાર્ય (C) મીરાંબાઈ (D) નરસિંહ મહેતા

**2.** ભાષા અને અર્થ વચ્ચેનો સંબંધ કેવો હોય છે?
(A) તાર્કિક (B) અનિવાર્ય (C) યાદૃચ્છિક (D) કુદરતી

**3.** 'ક, ખ, ગ, ઘ' ધ્વનિઓ ઉચ્ચારણ સ્થાનની દૃષ્ટિએ કેવા છે?
(A) તાલવ્ય (B) કંઠ્ય (C) મૂર્ધન્ય (D) દંત્ય

**4.** 'સ, શ, હ' ધ્વનિઓ ઉચ્ચારણની રીત મુજબ કેવા ગણાય છે?
(A) સંઘર્ષી (B) સ્પર્શ (C) પાર્શ્વિક (D) પ્રકંપી

**5.** 'ભાષા - એક સામાજિક પ્રવૃત્તિ' - આ વિધાન કોના સંદર્ભમાં સમજાવવામાં આવ્યું છે?
(A) ભાષાની ઉપયોગિતા (B) ભાષાની ઉત્પત્તિ (C) ભાષાનું વ્યાકરણ (D) ભાષાની લિપિ

**6.** જીભના ભાગની દૃષ્ટિએ 'ઉ' કેવો સ્વર છે?
(A) અગ્ર સ્વર (B) પૃષ્ઠ સ્વર (C) મધ્ય સ્વર (D) વિવૃત્ત સ્વર

**7.** 'મ, ન, ણ' વગેરે ધ્વનિઓ કયા પ્રકારના છે?
(A) સંઘર્ષી (B) નિરનુનાસિક (C) પ્રકંપી (D) અનુનાસિક

******